www.kamalamgujarat.com

Sunday
01.11.2020
*Volume :5 * Issue No. 76
Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક


GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### પ્રધાનમંત્રી ગુજરાતના કેવડિયામાં એક્તા દિવસની ઉજવણીમાં સહભાગી થયા

# મજબૂત આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવા ૧૩૦ કરોડ ભારતીયો સાથે મળીને કામ કરી રહ્યાં છેઃ પ્રધાનમંત્રી

### રાજકીય પક્ષોને દેશની સુરક્ષા સાથે સંબંધિત હિતમાં આતંકવાદને ટેકો ન આપવા અને આપણા સુરક્ષા દળોનો નૈતિક જુસ્સો વધારવા માટે અપીલ કરી




## ભારત એની સાર્વભૌમિક્તા અને અખંડિતતાનું રક્ષણ કરવા સંપૂર્ણપણે સજ્જઃ પ્રધાનમંત્રી

કમલમ દૈનિક, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના કેવડિયામાં ''લોહપુરુષ'' સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણીના ઉપક્રમે એકતા દિવસની ઉજવણીમાં સહભાગી થયા હતા. તેમણે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર પુષ્પ અર્પણ કર્યા હતા, એકતાની પ્રતિજ્ઞા લેવડાવી હતી અને આ પ્રસંગે આયોજિત એકતા પરેડના સાક્ષી બન્યાં હતાં. આ પ્રસંગે પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે કેવિડયાના સંપૂર્ણ કે સંકલિત વિકાસ માટે ઉદ્ઘાટન થયેલા વિવિધ પ્રોજેક્ટથી આ વિસ્તારમાં પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવામાં મદદ મળશે. તેમણે જણાવ્યું હતું કે, હવે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેનાર પ્રવાસીઓને સી-પ્લેન સર્વિસ દ્વારા સરદાર સાહેબના દર્શન કરવાનો લાભ પણ મળશે.

## પુલ્વામાનો હુમલો

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જ્યારે તેઓ આજે અર્ધલશ્કરી દળોની પરેડને જોઈ રહ્યાં છે, ત્યારે તેમને પુલ્વામા હુમલાની યાદ આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, દેશ એ હુમલાને ક્યારેય ભૂલી ન શકે અને આપણા બહાદુર સપૂતો શહીદ થયાનું આખા દેશને દુઃખ થયું હતું. તેમણે કહ્યું હતું કે, આ હુમલા પર થઈ રહેલા નિવેદનોને દેશ ક્યારેય નહીં ભૂલે. તેમણે ઉમેર્યું હતું કે, પડોશી દેશની સંસદમાં આ હુમલા વિશે તાજેતરમાં નિવેદનો થયા છે, જેથી સત્ય બહાર આવ્યું છે. તેમણે દેશમાં રમાઈ રહેલા વિકૃત રાજકારણની ટીકા કરી હતી, જેમાં સંપૂર્ણ સ્વાર્થ અને અભિમાન દેખાય છે. પુલ્વામામાં હુમલો થયા પછી જે રાજકારણ રમાયું એ પોતાના રાજકીય હિત પોષવા લોકો કઈ હદ સુધી જઈ શકે છે એનું આદર્શ ઉદાહરણ છે. તેમણે આ પ્રકારના રાજકીય પક્ષોને દેશના સુરક્ષાના હિતમાં કામ કરવા અને આપણા સૈન્ય દળોની નૈતિકતા વધારવા માટે કામ કરવાની અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તમારા સ્વાર્થ સંતોષવા માટે તમે જાણે-અજાણે રાષ્ટ્રવિરોધી તત્ત્વોના હાથમાં રમી રહ્યાં છો, તમે તમારા દેશ માટે કે તમારા પક્ષના હિત માટે કામ કરી શકતા નથી. તેમણે ભાર મૂક્યો હતો કે, આપણા બધાનું સર્વોચ્ચ હિત રાષ્ટ્રહિત હોવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે આપણે દરેકના હિતનો વિચાર કરીએ છીએ, ત્યારે જ આપણે પ્રગતિ કરી શકીશું. આ સંબોધન અગાઉ પ્રધાનમંત્રી ગુજરાત રાજ્યના પોલીસ દળ, સેન્ટ્રલ રિઝર્વ આર્મ્ડ ફોર્સ (સીઆરએએફ), સરહદી સુરક્ષા દળ (બીએસએફ), ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસ (આઈટીબીપી), કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (સીઆઈએસએફ) અને રાષ્ટ્રીય સુરક્ષા દળની રંગબેરંગી પરેડના સાક્ષી બન્યા હતા. પરેડમાં સીઆરપીએફની મહિલા અધિકારીઓની રાઈફલ ડ્રિલ પણ સામેલ હતી. આ પ્રસંગે ભારતીય વાયુ દળના જગુઆર કે હેલિકોપ્ટરે પણ ફલાય-પાસ્ટ કરી હતી. પ્રધાનમંત્રી રાષ્ટ્રીય એકતા દિવસના પ્રસંગે ભારતના જનજાતિઓના વારસાને રજૂ કરતા સાંસ્કૃતિક વારસાને પ્રસ્તુત કરતા એક સાંસ્કૃતિક કાર્યક્રમના સાક્ષી પણ બન્યાં હતાં.

## આંતરરાષ્ટ્રીય સમુદાયને આતંકવાદના વધતા જોખમ સામે એક થવા અપીલ કરી

## મહર્ષિ વાલ્મિકી દ્વારા સાંસ્કૃતિક એક્તા

પ્રધાનમંત્રીએ નિવેદન કર્યું હતું કે ભારત અત્યારે જે એકતા અનુભવે છે એનાથી વધારે એકતા ઊભી કરવા થોડી સદીઓ અગાઉ આદિકવિ મહર્ષિ વાલ્મિકીએ ભારતને વધારે જીવંત, ઊર્જાવંત અને સાંસ્કૃતિક બનાવવાનો પ્રયાસ કર્યો હતો. શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી હતી કે, વાલ્મિકી જયંતિ જોગાનુજોગે એકતા દિવસે આવી છે. તેમણે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે દેશમાં જે રીતે એની ઉજવણી થઈ રહી છે એ દેશની સહિયારી ક્ષમતા, તથા હાલ ચાલુ કોરોના રોગચાળાનો સામનો કરવાની દેશની ઈચ્છાશક્તિને અભૂતપૂર્વ રીતે વ્યક્ત કરે છે.

## એક્તાનું નવું પાસું

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે અત્યારે કાશ્મીર એના વિકાસ આડેના અવરોધોને દૂર કરીને વિકાસના નવા માર્ગે અગ્રેસર છે. તેમણે ઉમેર્યું હતું કે આજે દેશમાં એકતાનું નવું પાસું સ્થાપિત થયું છે. તેમણે પૂર્વોત્તર ભારતના રાજ્યોમાં શાંતિને ફરી સ્થાપિત કરવા માટે સરકારે લીધેલા પગલાં અને આ રાજ્યોના વિકાસ માટે હાથ ધરવામાં આવેલી પહેલો વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે માનનીય સર્વોચ્ચ અદાલતના આદેશ પછી અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે અને આ સરદાર પટેલના ભારતની સાંસ્કૃતિક ભવ્યતાને પુનઃસ્થાપિત કરવાનો એક પ્રયાસ છે.

## આતંકવાદ સામે એક્તા

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે આ પ્રયાસો વચ્ચે ઘણા નવા પડકારો છે, જેનો ભારત અને આખી દુનિયા અત્યારે સામનો કરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે, કેટલાંક લોકો આતંકવાદના સમર્થનમાં ઉતરી આવ્યાં છે એ અત્યારે દુનિયા માટે ચિંતાજનક બાબત છે. તેમણે દુનિયાના તમામ દેશો, તમામ સરકારો, તમામ ધર્મોને આતંકવાદ સામે એક થવાની જરૂરિયાતની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, માનવજાતની ખરી ઓળખ શાંતિ, ભાઈચારો અને પારસ્પરિક આદર છે. તેમણે ઉમેર્યું હતું કે, આતંકવાદ કે હિંસાથી કોઈનું ક્યારેય કલ્યાણ ન થઈ શકે. તેમણે કહ્યું હતું કે, આપણી વચ્ચે વિવિધતામાં એકતાનું અસ્તિત્વ છે તથા આપણો દેશ આ બાબતે અસાધારણ છે. તેમણે યાદ અપાવી હતી કે, ભારતની આ એકતા જ દેશની ખરી તાકાત છે, જે અન્ય લોકોને વિચારતા રાખે છે. તેઓ આ એકતાને તોડી પાડવા, એને નબળી પાડવા ઈચ્છે છે. તેમણે આ પ્રકારના બળોને ઓળખવાની અને સતત સતર્ક રહેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.




## એક્તા અંગેની પ્રતિજ્ઞા લેવડાવી અને એક્તા દિવસની પરેડમાં સહભાગી થયા

## આત્મનિર્ભર ભારત

પ્રધાનમંત્રીએ ટિપ્પણીએ કરી હતી કે, આજે ૧૩૦ કરોડ દેશવાસીઓ રાષ્ટ્રનું નિર્માણ કરવા ખભેખભો મિલાવીને કામ કરી રહ્યાં છે. આપણો દેશ મજબૂત અને સક્ષમ છે, જેમાં દરેક નાગરિક માટે સમાનતા હોવી જોઈએ. વળી આપણા દેશમાં પુષ્કળ તકો પણ છે. તેમણે કહ્યું હતું કે, આત્મનિર્ભર રાષ્ટ્ર જ એની પ્રગતિ માટે આત્મવિશ્વાસ ધરાવી શકે છે અને પોતાની સુરક્ષા કરી શકે છે. તેમણે ઉમેર્યું હતું કે આ કારણે જ દેશ સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં આત્મનિર્ભર બનવાના માર્ગે અગ્રેસર થઈ રહ્યો છે.

## સરહદી વિસ્તારોનો વિકાસ તથા ભારતની સાર્વભૌમિક્તા અને અખંડિતતાનું રક્ષણ

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, સરહદો પ્રત્યે ભારતનો પરિપ્રેક્ષ્ય અને અભિગમ પણ બદલાઈ રહ્યો છે. પડોશી દેશોની ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે, અત્યારે ભારતની જમીન પર ડોળો કરનાર લોકોને ઈંટનો જવાબ પત્થરથી મળી રહ્યો છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે, ભારત સરહદો પર સેંકડો કિલોમીટરના માર્ગો, ડઝન જેટલા પુલો અને અનેક ટનલોનું નિર્માણ કરી રહ્યો છે. તેમણે દ્રઢતા વ્યક્ત કરી હતી કે, હાલ ભારત એની સાર્વભૌમિકતા અને અખંડિતતાનું રક્ષણ કરવા સંપૂર્ણપણે સજ્જ છે.

# પ્રધાનમંત્રીએ વાલ્મીકિ જયંતિ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી




કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વાલ્મીકિ જયંતિ નિમિત્તે લોકોને શુભેચ્છા પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, "વાલ્મીકિ જયંતિ નિમિત્તે આપ સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ. સામાજિક સંવાદિતા, સમાનતા અને ન્યાય પર આધારિત તેમના આદર્શ વિચારો હંમેશા દેશવાસીઓને પ્રેરણા આપશે."

# પ્રધાનમંત્રીએ સરદાર પટેલને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી


કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સરદાર પટેલને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે "રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના પ્રણેતા લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને તેમની જન્મજયંતિ નિમિત્તે વિનમ્ર શ્રદ્ધાંજલિ. મહાન સરદાર પટેલને તેમની જયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ"



# "સરદાર પટેલનું લોખંડી નેતૃત્વ, કર્તવ્યપરાયણતા અને દેશભક્તિ હંમેશા આપણને માર્ગદર્શન આપતી રહેશે."

### રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વેંકૈયા નાયડુ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને દિલ્હીના ઉપરાજ્યપાલ શ્રી અનિલ બૈજલે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી




શ્રી અમિત શાહે કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી મહાન દેશભક્ત સરદાર પટેલના ચરણોમાં વંદન કરીને કહ્યું – "રાષ્ટ્રીય એક્તાના પ્રતિબિંબ અને દરેક ભારતના હૃદયમાં વસતા લોહ પુરુષ સરદાર પટેલને કોટી કોટી નમન"







"સરદાર પટેલે આઝાદી પછી સેંકડો રજવાડામાં વિખરાયેલા ભારતને એક્તાંતણે બાંધીને આજના મજબૂત ભારતનો પાયો નાંખ્યો હતો. તેમનું દ્રઢ નેતૃત્વ, રાષ્ટ્ર પ્રત્યે સમર્પણની ભાવના અને વિરાટ યોગદાનને ભારત ક્યારેય નહી ભૂલે" – કેન્દ્રીય ગૃહમંત્રી

કમલમ દૈનિક,

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આજે નવી દિલ્હી સ્થિત સરદાર પટેલ ચોક પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન થયું હતું. એમાં રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ, ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ વેંકૈયા નાયડુ, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને દિલ્હીના ઉપરાજ્યપાલ શ્રી અનિલ બૈજલે રાષ્ટ્રીય ગૌરવ અને આપણા બધાના પ્રેરણાસ્ત્રોત સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ પર એમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે કહ્યું હતું કે, "સરદાર પટેલનું લોહ નેતૃત્વ, કર્તવ્યપરાયણતા અને રાષ્ટ્રભક્તિ હંમેશા આપણને માર્ગદર્શન આપતી રહેશે."

તેમણે ઉપસ્થિત લોકોને રાષ્ટ્રીય એકતાની શપથ લેવડાવતાં કહ્યું હતું કે, "હું સત્યનિષ્ઠા સાથે શપથ લઉં છું કે, હું રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષાને જાળવી રાખવા માટે પોતાની જાતને સમર્પિત કરું છું અને પોતાના દેશવાસીઓ વચ્ચે આ સંદેશ ફેલાવવાનો સતત પ્રયાસ કરીશ. હું આ શપથ પોતાના દેશની એકતાની ભાવના માટે લઈ રહ્યો છું, જેને સરદાર પટેલની દીર્ઘદ્રષ્ટિ અને કાર્યો દ્વારા સંભવ બનાવી શકાય.

હું મારા દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોતાનું યોગદાન આપવાનો પણ સત્યનિષ્ઠા સાથે સંકલ્પ કરું છું." શ્રી અમિત શાહે પોતાની ટ્વીટમાં કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી મહાન રાષ્ટ્રભક્ત સરદાર પટેલના ચરણોમાં વંદન કરતા કહ્યું હતું કે, "રાષ્ટ્રીય એકતાના પ્રતિબિંબ અને દરેક ભારતીયના હૃદયમાં વસતા લોહપુરુષ સરદાર પટેલને કોટી કોટી નમન. આઝાદી પછી સેંકડો રજવાડામાં વિખરાયેલા ભારતને એકતાંતણે બાંધીને તેમણે આજના ભારતનો મજબૂત પાયો નાંખ્યો. તેમનું દ્રઢ નેતૃત્વ, રાષ્ટ્ર માટે સમર્પણની ભાવના અને વિરાટ યોગદાનને ભારત ક્યારેય નહીં ભૂલે." કેન્દ્રીય ગૃહમંત્રીએ એ પણ કહ્યું હતું કે, "બંધારણ અને સનાતનના સંતુલનના અદ્વિતીય પ્રતીક સરદાર પટેલે દેશને એકતાંતણે બાંધવાથી લઈને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર સુધી પોતાના જીવનની એક-એક ક્ષણ ભારતમાં એક રાષ્ટ્રની ભાવના જાગૃત કરવા માટે સમર્પિત કરી હતી. કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી આ મહાન રાષ્ટ્રભક્ત લોહપુરુષ સરદાર પટેલના ચરણોમાં શત શત વંદન."

## તંત્રી સ્થાનેથી......

વૈશ્વિક મહામારી સામેની સહિયારી જંગમાં ભારતે નોંધપાત્ર સફળતા પ્રાપ્ત કરી છે. દેશમાં મૃત્યુદર (CFR) ઘટીને ૧.૫% કરતાં નીચે નોંધાયો છે. પ્રગતિપૂર્વક ઘટાડા સાથે આજે CFR 1.49% નોંધાયો છે. ભારતમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ મૃત્યુની સંખ્યા પણ ખૂબ જ ઓછી છે અને હાલમાં પ્રત્યેક દસ લાખની વસ્તીએ ૮૮ વ્યક્તિનાં મૃત્યુ નોંધાયા છે. કેન્દ્રના નેતૃત્વ હેઠળ ટેસ્ટ, ટ્રેસ, ટ્રેક, ટ્રીટની વ્યૂહનીતિ અંતર્ગત અસરકારક કન્ટેઈન્મેન્ટ વ્યૂહરચના, સઘન પરીક્ષણ તેમજ એન્ટી કોગ્યુલેન્ટ અને નોન-ઈન્વેઝિવ ઓક્સિજનના ઉપયોગ સહિત સંભાળના અભિગમના વ્યાપક માપદંડો પર આધારિત પ્રમાણભૂત તબીબી વ્યવસ્થાપન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારો દ્વારા અસરકારક અમલીકરણના પરિણામે, ચેપગ્રસ્ત દર્દીઓની વહેલી ઓળખ, ત્વરિત આઈસોલેશન અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા કેસનું સમયસર તબીબી વ્યવસ્થાપન શક્ય બન્યું છે. આનાથી ભારતમાં કોવિડના કારણે મૃત્યુદર નીચો જાળવવામાં અને નિયંત્રણમાં લઈ શકાય તેવી સ્થિતિમાં રાખવાનું સુનિશ્ચિત થઈ શક્યું છે. દુનિયામાં સૌથી ઓછો મૃત્યુદર ધરાવતા દેશોમાંથી એક ભારત છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૫૫૧ દર્દીઓના મૃત્યુ નીપજ્યાં છે. દૈનિક મૃત્યુદરની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. કોવિડ વ્યવસ્થાપન અને પ્રતિક્રિયા નીતિના ભાગરૂપે, ગંભીર દર્દીઓના તબીબી વ્યવસ્થાપનમાં સંકળાયેલા ICU ડૉક્ટરોની ક્ષમતા નિર્માણમાં વધારો કરવા માટે શરૂ કરવામાં આવેલી અનન્ય પહેલરૂપે, નવી દિલ્હી સ્થિત એઈમ્સ દ્વારા શરૂ કરવામાં આવેલા e-ICU દ્વારા પણ ઘણી મદદ મળી રહી છે. સપ્તાહમાં બે વખત એટલે કે દર મંગળવારે અને શુક્રવારે ટેલિ/ વીડિયો કન્સલ્ટેશન સત્રોનું આયોજન કરવામાં આવે છે જેમાં વિવિધ રાજ્યોમાં ICUના વ્યવસ્થાપનમાં જોડાયેલા ડૉક્ટરો માટે પોતાના ક્ષેત્રના નિષ્ણાત અને બહોળું જ્ઞાન ધરાવતા તજજ્ઞો દ્વારા સલાહસૂચન આપવામાં આવે છે. આ સત્રોનો પ્રારંભ ૮ જુલાઈ ૨૦૨૦ના રોજથી કરવામાં આવ્યો છે. તેના પરિણામે, ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશની તુલનાએ ઓછો CFR નોંધાયો છે. તાજેતરના મૃત્યુઆંકમાંથી ૬૫% દર્દીઓના મૃત્યુ ફક્ત ૫ રાજ્યોમાં નોંધાયા છે. મહારાષ્ટ્રમાં કુલ મૃત્યુમાંથી સૌથી વધુ એટલે કે ૩૬% દર્દીઓના મૃત્યુ નોંધાયા છે. કુલ મૃત્યુઆંકમાંથી ૮૫% દર્દીઓ ૧૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. ૬ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ મૃત્યુઆંક ૧૦૦થી ઓછો જ્યારે ૮ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશમાં કુલ મૃત્યુઆંક ૧૦૦૦થી ઓછો છે. ૧૬ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં કુલ મૃત્યુઆંક ૧૦,૦૦૦થી ઓછો નોંધાયેલો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં નવા ૫૯,૪૫૪ દર્દીઓ સાજા થયા હોવાનું નોંધાયું છે જેમાંથી નવા ૪૮,૨૬૮ દર્દીઓ પોઝિટીવ હોવાની પુષ્ટિ થઈ છે. આ સાથે દેશમાં કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૭૪ લાખ કરતાં વધારે (૭,૪૩૨,૮૨૯) નોંધાઈ છે. એક જ દિવસમાં મોટી સંખ્યામાં દર્દીઓ સાજા થઈ રહ્યાં છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે જે સરેરાશ રાષ્ટ્રીય રિકવરી દરમાં પ્રતિબિંબિત થાય છે. હાલમાં રાષ્ટ્રીય સરેરાશ રિકવરી દર વધીને૯૧.૩૪% સુધી પહોંચી ગયો છે. ભારતમાં સક્રિય કેસની સંખ્યામાં સતત ઘટાડાનું વલણ જળવાઈ રહ્યું છે. હાલમાં, દેશમાં કુલ નોંધાયેલા પોઝિટીવ કેસમાંથી માત્ર ૭.૧૬% એટલે કે ૫,૮૨,૬૪૯ સક્રિય દર્દીઓ છે. સતત બીજા દિવસે દેશમાં સક્રિય કેસની સંખ્યા ૬ લાખ કરતાં નીચે નોંધાઈ છે. નવા સાજા થયેલા દર્દીઓમાંથી ૭૯% દર્દીઓ ૧૦ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. કર્ણાટક અને મહારાષ્ટ્રમાં એક જ દિવસમાં સૌથી વધુ એટલે કે, ૮,૦૦૦થી વધુ દર્દીઓ સાજા થયા છે જ્યારે ત્યારબાદ ૭,૦૦૦ કરતાં વધુ દર્દી સાથે કેરળનો ક્રમ આવે છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૪૮,૨૬૮ દર્દીઓ પોઝિટીવ હોવાની પુષ્ટિ થઈ છે. નવા પોઝિટીવ નોંધાયેલા દર્દીઓમાંથી ૭૮% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. કેરળ અને મહારાષ્ટ્ર સૌથી વધુ નવા પુષ્ટિ થયેલા દર્દીઓ સાથે ટોચે છે જ્યાં ૬,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે જ્યારે ત્યારબાદ ૫,૦૦૦થી વધુ કેસ સાથે દિલ્હી છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં વધુ ૫૫૧ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. તેમાંથી અંદાજે ૮૩% દર્દીઓ દસ રાજ્યો/ કેન્દ્ર શાસિત પ્રદેશોમાંથી છે. નવા નોંધાયેલા કુલ મૃત્યુમાંથી ૨૩% કરતાં વધારે (૧૨૭ મૃત્યુ) દર્દીઓ સાથે મહારાષ્ટ્ર ટોચે છે.

# લીંબડી વિધાનસભા બેઠક ની પેટાચુંટણી સંદર્ભે જામનગરના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ દ્વારા સઘન પ્રચાર પ્રસાર.



## ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણાને પ્રચંડ જનમત મળે તે માટે જુદા જુદા ગૃપ સાથે બેઠકો-કાર્યાલયમા મીટીગ-ડોર ટુ ડોર પ્રચાર ઝુંબેશ-પત્રિકા વિતરણ- મતદાર સંપર્ક અભિયાન સહિતનો પ્રચાર યોજતા સાંસદ શ્રી પૂનમબેન માડમ.

કમલમ દૈનિક, જામનગર

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમ દ્વારા ૬૧-લીંબડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણી માટે સઘન પ્રચાર પ્રસાર અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ . તેમજ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણાને પ્રચંડ જનમત મળે તે માટે જુદા જુદા વિસ્તારોમાં વિવિધ ગૃપ સાથે બેઠકો- ભાજપ કાર્યાલય પર હોદેદારો અને કાર્યકર્તાઓ સાથે મીટીંગ -ડોર ટુ ડોર સંપર્ક અભિયાન- પ્રચાર માટેની પત્રિકાઓના વિતરણ- બહેનો ના ગૃપ સાથે ખાસ બેઠકો-પ્રચાર અભિયાન ની સમીક્ષા તેમજ જુદા જુદા વિસ્તારોના આગેવાનો ના નિવાસસ્થાને મુલાકાત લઈ ભાજપ તરફી વાતાવરણ બનાવવા વિશેષ જહેમત ઉઠાવી હતી. આ વિવિધ પ્રકારના ચુંટણી પ્રચાર ના આયોજન સાથે વડીલો-ભાઈઓ-બહેનો સૌ ને નમ્ર અપીલ કરી ભાજપના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણાને જંગી બહુમતી સાથે ઝળહળતો વિજય મળે તે માટે ૧૨-જામનગર લોકસભાના સાંસદ શ્રી પૂનમબેન માડમ દ્વારા લીંબડી વિધાનસભા ક્ષેત્રમા જુદા જુદા વિસ્તારના પ્રવાસ કરવામા આવ્યા હતા જેમાં સૌ નો ઉમળકાભેર પ્રતિસાદ સાંપડ્યો હતો. ૬૧-લીંબડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણીમાં સઘન પ્રચાર પ્રસારના ભાગરૂપે લીંબડી શહેરમાં ભાજપના મુખ્ય કાર્યાલય ખાતે ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના ચેરમેન શ્રી મુળુભાઈ બેરા અને ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણા સાથે સંગઠનના હોદેદારો અને કાર્યકર્તાઓ સાથેની ખાસ બેઠકમાં સંસદસભ્ય શ્રી પૂનમબેન માડમએ ભારતીય જનતા પાર્ટીને ને જ્વલંત વિજય મળે તે માટેની માર્ગદર્શક રૂપરેખાઓ સાથે મહત્વના સુચનો કર્યા હતા તેમજ પ્રચાર કામગીરીની સમીક્ષા પણ કરી હતી. તેવીજ રીતે સાયલામાં ભાજપ કાર્યાલયની મુલાકાત લઈ સાંસદ શ્રી પૂનમબેન માડમ એ આગેવાનો-કાર્યકરો સાથે બેઠક યોજી હતી અને રાજ્યની વિકાસ યાત્રામાં ઉમળકાભેર સહભાગી બનવા અને પ્રચાર-પ્રસાર વેગવંતો કરવા સૌને પ્રોત્સાહીત કર્યા હતા. ઉપરાંત ૬૧-લીંબડી વિધાનસભાની પેટા ચુંટણી માટે ના આ પ્રચાર અભિયાન દરમ્યાન,આગેવાન શ્રી રાજુભાઈ ડોડીયાના નિવાસસ્થાને જામનગરના સાંસદ શ્રી પૂનમબેન માડમએ મહિલાઓ સાથે ખાસ બેઠક યોજી, ભાજપના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણા જંગી બહુમતીથી વિજયી થાય તે માટે, બહેનો-માતાઓ સૌ ને ઉમળકાભેર મતદાન કરવા નમ્ર અનુરોધ કર્યો હતો. આ પ્રચાર ઝુંબેશ દરમ્યાન ૬૧-લીંબડી વિધાનસભા વિસ્તારના સાયલામાં, ડોર ટુ ડોર પ્રચાર અભિયાન દરમ્યાન, મતદારોનો સંપર્ક કરી,પત્રિકાઓ વિતરણ કરી, ભાજપના ઉમેદવાર શ્રી કિરીટસિંહ રાણાને જંગી બહુમતીથી વિજયી બનાવવા નમ્ર અપીલ કરી હતી.

## રાષ્ટ્રીય એક્તા દિવસની ઉજવણી: કેવડીયા

# સરદાર પટેલની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમાના સાનિધ્યમાં અને સાતપૂડાની શાખે યોજાઇ શાનદાર રાષ્ટ્રીય એક્તા પરેડ

## પ્રધાનમંત્રીશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનીટી ખાતે સરદાર પ્રતિમાની ભાવપૂર્વક પદપૂજા કરી લોહ પુરુષ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી

કમલમ દૈનિક, રાજપીપલા,

પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્ર ભાઈ મોદી એ દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબની ૧૪૫મી જન્મજયંતિએ વિશ્વની વિરાટતમ પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી-કેવડીયા ખાતે સરદાર સાહેબની પ્રતિમાની પદપૂજા કરીને ભાવ સભર આદરાંજિલ અર્પી હતી. એક ભારત શ્રેષ્ઠ ભારતના પ્રણેતા સરદાર સાહેબની જન્મજયંતિની સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવણી પ્રધાન મંત્રીશ્રી ની પ્રેરણા થી કરવામાં આવે છે. પ્રધાનમંત્રીશ્રીએ સરદાર સાહેબની પ્રતિમાનું પૂષ્પપૂજન કરવાની સાથે રાષ્ટ્ર શિલ્પીની ભાવવંદના કરી હતી. આમંત્રિતોને પ્રધાનમંત્રીશ્રીએ રાષ્ટ્રીય એકતાના શપથ લેવડાવ્યા હતા.


સરદાર સાહેબની આ અપ્રતિમ પ્રતિમાના સાનિધ્યમાં રાજયની પોલીસ-અર્ધલશ્કરી દળો અને વિવિધ સુરક્ષા એજન્સીની સંસ્થાઓએ શિસ્ત અને સાહસ સભર પરેડ રજૂ કરી હતી. આ દળોએ અનોખી ધ્વજ સલામીથી પ્રધાનમંત્રીશ્રીને આદર આપ્યો હતો. રાજયની સુરક્ષા એજન્સીઓના વિવિધ ગણવેશધારી દળોએ શિસ્ત અને શૌર્યસભર આંતરરાષ્ટ્રીય પરેડ રજૂ કરી સૌને રોમાંચિત કર્યા હતા. પરેડમાં સી.આઈ.એસ.એફ., સી.આર.પી.એફ., બી.એસ.એફ., ઉપરાંત ગુજરાત પોલીસ દળોના પોલીસ બેન્ડે શૌર્યસભર સુરાવલીઓ લહેરાવી હતી. આ ''એકતા પરેડ '' નું વધુ એક આકર્ષણ હતું વિવિધ સુરક્ષા એજન્સીઓ દ્વારા નિદર્શિત થયેલા ''સ્પેશ્યિલ વેહીકલ્સ''. આ એકતા પરેડમાં આરપીએફ, આઈટીબીપી, એનડીઆરએફ, બીએસએફ, એનએસજી તથા સીઆરપીએફ દ્વારા નિર્મિત કોમ્બેટ વેહીકલસ પ્રદર્શિત કરવામાં હતા. આ તબક્કે ગુજરાત પોલીસનું ''બૉમ્બ ડિસ્પોઝલ પ્રોટેક્શન વેહિકલ'' (બીડીપીવી) તથા સીઆરપીએફની ''વિમેન વોરિયર્સ''ની છઠ્ઠી બટાલિયનને મંત્રમુગ્ધ કરી નાખે તેવા કૌશલ્યો દર્શાવ્યા હતા. ગુજરાત સરકારના યુવક-સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ડેડીયાપાડા તથા સાગબારાના આદિવાસી યુવાઓએ કોવિડ -૧૯ની ગાઈડલાઈન જાળવીને પરંપરાગત ''ડાંગી નૃત્યો '' રજુ કર્યા હતા. આ સમયે વાયુસેનાના શાનદાર લડાકુ વિમાન જગુઆર દ્વારા તેજ ઉડાન સાથે સરદાર સાહેબને ભાવાંજલિ અર્પી હતી. આ પ્રસંગે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી હરદીપસિંગજી પૂરી, ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, છોટા ઉદેપુરના સાંસદશ્રી ગીતાબેન રાઠવા સહિત પદાધિકારી, ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રધાનમંત્રીશ્રીએ સરદાર સાહેબની પ્રતિમાના સાનિધ્યમાં વિશાળ જનમેદનીને લેવડાવ્યા રાષ્ટ્રીય એક્તાના શપથ

### રાજ્યની પોલીસ-અર્ધલશ્કરી દળો સહિત વિવિધ સુરક્ષા સંસ્થાઓના ગણવેશધારી દળોએ આપી અનોખી ધ્વજ સલામી

# દેશની એક્તા અને અખંડતા મજબૂત થાય તેવા નિર્ણયો લેવા જોઈએ: મોદી

**દેશને ધ્યાને રાખીને નિર્ણય લો,દિમાગમાં બાબુગીરી ના આવવી જોઇએ**



કમલમ દૈનિક, ન્યુ દિલ્હી,

દેશના ભાવિ અધિકારીઓ સાથે વાત કરતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખાસ આગ્રહ કર્યો છે. સિવિલ સર્વિસ પ્રોબેશનર્સ સાથે તેમણે કહ્યું કે આજે રાત્રે સૂતા પહેલાં તેઓ પોતાના કર્તવ્ય અંગે લખીને રાખી મૂકે. પીએમ મોદીએ કહ્યું કે 'આ કાગળનો ટુકડો જીવનભર' તેમની સાથે 'હૃદયના ધબકારા' બનીને રહેશે.

પ્રધાનમંત્રી મોદીએ અપીલ કરતાં કહ્યું કે 'સિવિલ સર્વન્ટ જે પણ નિર્ણય લે, તેઓ રાષ્ટ્રીય સંદર્ભમાં હોય, દેશની એકતા અખંડતાને મજબૂત કરવાના હોય.' તેઓ ગુજરાતના કેવડિયામાં સિવિલ સર્વિસ પ્રોબેશનર્સ સાથે વાત કરી રહ્યા હતા. દેશના પહેલાં ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતી પર તેમની સલાહ પણ પીએમ એ બનનારા અધિકારીઓ સાથે શેર કરી. તેમણે કહ્યું કે દેશના નાગરિકોની સેવા હવે તમારું સર્વોચ્ચ કર્તવ્ય છે.

જ્યારે તમે બેચ કામ કરવાનું શરૂ કરશો તો તે એ સમય હશે જ્યારે ભારત પોતાની સ્વતંત્રતાના ૭૫મા વર્ષમાં હશે. તમે જ તે ઓફિસર છો જે એ સમયે પણ દેશ સેવામાં હશો, જ્યારે ભારત પોતાની સ્વતંત્રતાના ૧૦૦ વર્ષ મનાવશે. મારો આગ્રહ છે કે આજની રાત સૂતા પહેલાં પોતાનાને અડધો કલાક આપો. તમારા કર્તવ્ય, જવાબદારી, પ્રણ અંગે જે તમે વિચારી રહ્યા છો તેને લખીને રાખી લેજો. આ કાગળનો ટુકડો જીવનભર તમારા સંકલ્પોને સાકાર કરવા માટે તમારા હૃદયના ધબકારા બનીને તમારી સાથે રહેશે. – વડાપ્રધાન, નરેન્દ્ર મોદી

પટેલે બ્યુરોક્રેસને 'દેશની સ્ટીલ ફ્રેમ' કહ્યું હતું. પીએમ મોદીએ અધિકારીઓને તેનો મતલબ પણ સમજાવ્યો. તેમણે કહ્યું કે સ્ટીલ ફ્રેમનું કામ માત્ર આધાર આપવાનું, માત્ર ચાલતી આવતી વ્યવસ્થાઓને સંભાળવાનું જ નથી હોતું. સ્ટીલ ફ્રેમનું કામ દેશને એ અહેસાસ અપાવાનો પણ હોય છે કે મોટાથી મોટા સંકટ હોય કે પછી મોટાથી મોટા બદલાવ, તમે એક તાકાત બનીને દેશને આગળ વધારવામાં સહયોગ કરીશું.

મોદીએ ભાવિ અધિકારીઓને કહ્યું કે તેઓ દરેક સમયે તેમની સાથે ઉભા છે. તેમણે કહ્યું કે હું તમને વિશ્વાસ અપાવું છું કે પળેપળે તમારી સાથે છું. જ્યારે પણ જરૂર પડે તમે મારો દરવાજો ખખડાવી શકો છો. જ્યાં સુધી હું છું હુંતમારો મિત્ર છું તમારો સાથી છું.

# ઈકો ગાડીમાંથી ૬૨ હજારના વિદેશી દારૂ સાથે એક બુટલેગરને દબોચતી અરવલ્લી એલસીબી પોલીસ





કમલમ દૈનિક, અરવલ્લી

અરવલ્લી જિલ્લામાં પોલીસ તંત્ર સતર્ક થયા પછી રોજબરોજ વિદેશી દારૂ પકડાવાનો વધી ગયું છે.

એલસીબી અરવલ્લીના પોલીસ ઈન્સ્પેક્ટર આર કે પરમાર અને તેમની ટીમના માણસો અનિલકુમાર અંબાલાલ, મોહનસિહ પુજેસિહ, દિલીપભાઈ રામભાઈ , નિલેષકુમાર વિષ્ણુંભાઈ તથા અનોપસિહ શુક્રવારના રોજ ભિલોડા પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળેલ કે, એક સફેદ કલરની ઈકો ગાડીમાં વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી અમદાવાદ તરફ થનાર છે. જે બાતમીના આધારે બુધરાસણ ગામની સીમમાં ત્રણ રસ્તા પર નાકાબંધી કરી પોલીસ જીપ આડી મુકી રસ્તો રોકી આવી રહેલી નંબર વગરની ઈકો ગાડીને રોકી ઝડતી લેતાં નિચેના ભાગે સેક્શન બનાવી તેમજ એન્જિન ના ભાગમાં છુપાવીને રાખેલી ભારતીય બનાવટની વિદેશી દારૂની છુટી બોટલ નંગ. ૧૨૫. કિંમત રૂપિયા ૬૨,૫૦૦/- તથા મોબાઈલ અને ઈકો ગાડી મળી કુલ રૂપિયા ૨,૬૩,૦૦૦/- ના મુદ્દામાલ સાથે મુળ મહારાષ્ટ્રના હાલ અમદાવાદ ના બુટલેગર વિકી શશી ઝા ની ધરપકડ કરી ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહી એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતના ૫ પોલીસ અધિકારીઓનું ગૃહ મંત્રાલય સ્પેશિયલ ઓપરેશન મેડલથી કરશે સન્માન




કમલમ દૈનિક, ગાંધીનગર,તા.૩૧

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે શનિવારે ૨૦૨૦ના ગૃહમંત્રી વિશેષ ઓપરેશન મેડલ માટે પોલીસકર્મીના નામની જાહેરાત કરી છે. ચાલુ વર્ષે આ પદ માટે કુલ ૩૯ પોલીસ અધિકારીઓની આ મેડલ માટે પસંદગી કરવામાં આવી છે. ગુજરાતના ૫, દિલ્હીના ૧૫, કરેળના ૮, કર્ણાટકના ૬ અને તમિલનાડુના ૫ પોલીસ અધિકારીનું સન્માન કરાશે. ગૃહ મંત્રાલય દેશમાં આતંકી અને નક્સલ પ્રભાવિત એરિયામાં સ્પેશિયલ ઓપરેશન માટે આ એવોર્ડ આપે છે. ગુજરાત પોલીસને અધિકારીઓને ૮ જાન્યુઆરીના ઓપરેશન માટે મેડલ આપવામાં આવશે તેમ ગૃહ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે. ગુજરાતમાંથી ડીઆઈજી હિમાંશુ શુકલ, એસપી ઈમ્તિયાઝ શેખ, ડીવાયએસપી કનુભાઈ પટેલ, ઈન્સપેક્ટર વિજયકુમાર મલ્હોત્રા, એસપી કેતન ભુવાને મેડલથી સન્માનવામાં આવશે.

# અબડાસા વિધાનસભાની પેટા ચૂંટણીનાં પ્રચાર કાર્યનાં અંતિમ ચરણમા




























કમલમ દૈનિક,

અબડાસા વિધાનસભાની પેટા ચૂંટણીનાં પ્રચાર કાર્યનાં અંતિમ ચરણમાં ગાંધીધામ મતવિસ્તારનાં ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી એ પક્ષનાં પદાધિકારીઓ, કાર્યકરો સાથે રહીને ગામમાં ડોર ટુ ડોર લોકસંપર્ક, મહોલ્લા બેઠકો તથા ફળિયામાં ગ્રામવાસીઓ સાથે બેસીને મતદાનનાં દિવસે ભારતીય જનતા પક્ષનાં ઉમેદવારશ્રી પ્રધ્યુમનસિંહ જાડેજાને તેમનો અમુલ્ય વોટ આપીને જંગી બહુમતીથી વિજયી બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રચાર દરમ્યાન તા.૩૦.૧૦.૨૦૨૦ નાં રોજ ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરીએ વર્માનગર-પાનધ્રોની મુલાકાત લઈ પ્રચાર કાર્ય કર્યું હતું. વર્માનગર-પાનધ્રોનાં વિવિધ વિસ્તારોમાં ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી સાથે ભુજના ધારાસભ્ય શ્રીમતિ નીમાબેન આચાર્ય, ભચાઉ નગરપાલિકા નાં પ્રમુખ શ્રીમતિ કલાવતીબેન જોષી, ભચાઉ શહેર પ્રમુખશ્રી ઉમિયાશંકર જોષી, શ્રી ઠક્કરભાઈ, અંજાર નગરપાલિકા પ્રમુખશ્રી વસંત કોડરાણી, ગાંધીધામ નગરપાલિકા નાં નગરસેવિકાઓ શ્રીમતિ ચંદ્રિકાબેન દાફડા, શ્રીમતિ દિવ્યાબેન નાથાણી, સ્થાનિક હોદેદારો વગેરે ચુંટણી પ્રચારમાં જોડાયા હતા. અગાઉ કચ્છનાં પ્રભારી મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોર, પણ પ્રચાર કાર્યમાં જોડાઈને સલાહ, માર્ગદર્શન આપ્યું હતું તથા ગ્રામજનો સાથે મહોલ્લા બેઠકમાં હાજરી આપી આ વિસ્તારનાં સર્વાંગી વિકાસના કાર્યમાં ભાગીદાર બનવા હાકલ કરી હતી. વર્માનગરમાંચુંટણી પ્રચાર કાર્યમાં ગુજરાત ભાજપ પ્રદેશ મંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલા, પૂર્વ સાંસદશ્રી પુષ્પદાનગઢવી, પણ જોડાયા હતા. આ પ્રચાર કાર્ય દરમ્યાન સ્થાનિક રહેવાસીઓ એ ધારાસભ્યશ્રી તથા અન્ય પ્રચારકાર્યમાં જોડાએલા આગેવાનો, હોદદારો, આગેવાનોનું સન્માન કર્યું હતું. તા.૩૧.૧૦.૨૦૨૦ નાં રોજ પ્રચારકાર્યની શરૂઆત ભારતના લોખંડી પુરુષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ની જન્મદિવસની ઉજવણીનાં ભાગરૂપે નખત્રાણા તાલુકાનાં દયાપર ગામથી સરદારની પ્રતિમાને હારરોપણ કરીને શરૂઆત કરી હતી. આ પ્રસંગે ધારાસભ્યશ્રી સાથે ભાજપ અગ્રણીશ્રી અરજણભાઈ રબારી, ભચાઉ નગરપાલિકાનાં પ્રમુખશ્રી કલાવતીબેન જોષી, નગરસેવિકાઓ શ્રીમતિ ચંદ્રિકાબેન દાફડા, શ્રીમતિ દિવ્યાબેન નાથાણી, તથા પક્ષનાં સ્થાનિક કાર્યકર્તાઓ જોડાયા હતા. ત્યારબાદ નારાયણ સરોવર ખાતે ડોર ટુ ડોર અને મોહલ્લા બેઠકોથી ચુંટણી પ્રચારની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ તબક્કે અગાઉની પ્રચાર ટીમ સાથે ગઢશિસા જીલ્લા પંચાયત બેઠકનાં સભ્ય શ્રી નરેશભાઈ મહેશ્વરી, નારાયણ સરોવર તાલુકા પંચાયત ઈન્ચાર્જ શ્રી બળવંત ઠક્કર, ગાંધીધામ શહેર ઉપપ્રમુખશ્રી કમલ શર્મા, અનુ.જાતિ મોરચા જીલ્લા ઉપપ્રમુખશ્રી અર્જુનભાઈ દાફડા, ગાંધીધામ નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખશ્રી ગીતાબેન ગણાત્રા, નગરસેવિકા શ્રીમતિ વિમલેશ શર્મા, લખપત મોરચા પ્રમુખશ્રી જીવણભાઈ મારવાડા, શ્રી પરબતભાઈ, લખપત અનુ.જાતિ મોરચાના આગેવાન શ્રી ગોપાલભાઈ માતંગ, શ્રી રામજીભાઈ માંગલિયા તથા બહોળી સંખ્યામાં સ્થાનિક કાર્યકરો, હોદેદારો જોડાયા હતા. સમગ્ર ટીમ નારાયણ સરોવર બરંદા, ખારોઈ, ખારોદ વગેરે ગામોની મુલાકાત લીધી હતી. સમગ્ર ચુંટણી પ્રચારના કાર્ય દરમ્યાન ગામ લોકો તરફથી સંપૂર્ણ સહકાર સાથે ભાજપ તરફી મતદાન કરશે એવી ખાત્રી આપવામાં આવી હતી.

